અમદાવાદ(ગ્રામ્ય)ના મે.એડીશનલ જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.મીરઝાપુર, અમદાવાદ.

Ex.13 C.C.NO.6421/2020

ફરીયાદી : શ્રી સરકાર

// વિરુધ્ધ//

આરોપી : (૧) હિતેષભાઈ અરવિંદભાઈ પટેલ, રહે.નિકોલ, અમદાવાદ,
(૨) ભાવેશકુમાર નટવરભાઈ ભાવસાર, રહે.નરોડા, અમદાવાદ,
(૩) સતીષકુમાર રણછોડભાઈ મોરી, રહે.નિકોલ, અમદાવાદ,
(૪) મુકેશભાઈ નરસિંહભાઈ પટેલ, રહે.નિકોલ, અમદાવાદ,
(૫) પ્રફુલભાઈ છગનલાલ પટેલ, રહે.ઘાટલોડીયા, અમદાવાદ,
(૬) થોમસ પી સ/ઓ જયોર્જ ચોહાન્હા ક્રિશ્ચિયન, રહે.નિકોલ, અમદાવાદ,
(૭) મુકેશભાઈ ભીખાભાઈ ચપલા, રહે.નિકોલ, અમદાવાદ.
તમામ રહે.ગતરાડ ગામ, તા.દસ્ક્રોઈ, જિ.અમદાવાદ.

ગુન્હો : ધી જુગાર ધારાની કલમ–૧૨ મુજબ

: ચુકાદો :

૧. આરોપીઓ વિરુધ્ધ એવો આરોપ છે કે, આ કામાન આરોપી મુદ્ધામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–12 નો ગુનો કરવા બદલ પોલીસ અટક કરી હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપીઓ કોર્ટમાં હાજર થતા ફરીયાદ પક્ષના પુરાવાની નકલો આપેલ છે. આરોપીઓએ આંક : 4 થી ગુના કબુલાત પુરસીસ અને આંક : 5 થી મુદ્દામાલ અંગેની નો–કલેઈમ પુરસીસ આપેલ છે. આરોપીઓ નું આંક : 6 થી 12 પ્લી લેતા ગુના કબુલાતની પુરસીસને વળગી રહે છે. આરોપીઓ ને સ્વૈચ્છિક ગુના કબુલાત ધ્યાને લઈ ઉપરોક્ત ગુના અંગે તકસીર વાન ઠરાવુ છું.

૩. આરોપીઓ ને સજા અંગે સાંભળ્યા. આરોપીની ગુના કબુલાતની પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લીધા. નામદાર ગુજરાત વડી અદાલતના "રાજ્ય વિરુદ્દ નટવર હરચંદજી ઠાકોર"(૨૦૦૫(૧)ગુ.લો.રીપોર્ટર પાનું ૭૦૯નો ચુકાદો ધ્યાને લીધો. આરોપીની ગુના કબુલાત પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લેતા આરોપીને કાયદાનુસારની ન્યુનત્તમ કે મહત્તમ સજાના કરવાની પણ ન્યાયનું હિત જળવાઈ રહેશે તેમ જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

//હુકમ//

ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૫૨ નીચે દરેક આરોપીઓ ને મુંબઈ જુગારધારા કલમ–૧૨ નીચે શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપી દિઠ રૂ.50 /– દંડ, એમ કુલ મળી રૂ.350/- અને જો દંડના ભરે તો આરોપી દિઠ દિન–2 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી/આરોપીઓએ નો–કલેઈમ પુરસીસ આપેલ છે. અપીલ સમય પુરો થયા બાદ મુદ્દામાલનો યોગ્ય નિકાલ કરવો એવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.10 મી માહે જુલાઈ સને 2021 રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(કે.એસ.રાણા)
ઈ./ચા. એડી. જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ
અમદાવાદ(રૂરલ),મિરઝાપુર